# JSW ગ્રુપ ફાઇનાન્સ સેક્ટરમાં પ્રવેશ કરશે

JSW ગ્રૂપનો પ્લાન નોન બેન્કિંગ ફાઈનાન્સ સેક્ટરમાં પ્રવેશ કરવાનો છે. અગાઉ ગ્રૂપે ઇલેક્ટ્રિક વેહિકલ્સ અને રિજિયનલ એવિએશન ક્ષેત્રમાં પ્રવેશવાની જાહેરાત કરી હતી. ગ્રૂપ અત્યારે સ્ટીલ, પાવર, સિમેન્ટ, પોર્ટ સેક્ટર્સમાં કાર્યરત છે. ગ્રૂપ અત્યારે વેન્ચર કેપિટલ ફંડ ધરાવે છે. જેના દ્વારા અનેક દરખાસ્તો મળે છે. નોન-બેન્કિંગ કંપનીમાં ગ્રૂપ રૂ.૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાનો પ્લાન ધરાવે છે. જોઈન્ટ વેન્ચર માટે વિવિધ પાર્ટનર્સ સાથે વાટાઘાટો ચાલી રહી છે.